**-:: <u>ક્રિ.પ.અ.નં. ૮૦/૨૦૨૬ ના કામે આંક-૧ નીચે હુકમ</u> ::-**

**આરોપીઓ : (૧) ઘેવરચંદ કાનારામ જાંગુ,**

રહે. જોટરા, તા. ચિતલવાના, જિ. જાલોર, રાજ્ય - રાજસ્થાન.

જોરાવરનગર પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૨૧૧૦૨૫૨૬૦૨૧૪-૨૦૨૬.

ફોજદારી કેસ નં. ૮૮૭-૨૦૨૬

**<u>ગુન્હો</u> : <u>પ્રોહી</u>**. કલમ- ૬૫(એ), ૬૫(ઇ), ૧૧૬(બી), ૮૧, ૮૩, ૯૮(૨),

---

આ કામે હાલની જામીન અરજી આરોપી તરફથી તેઓની સામે ઉપરોકત મુજબ ના ગુનાના કામે જામીન મુકત થવા માટે આપવામાં આવેલ છે જે વંચાણે લીધી, એફ.આઇ.આર. તથા રેકર્ડ વંચાણે લીધા.

- સ્પેશિયલ પી. પી. શ્રી ગેર હાજર છે. એ. પી. શ્રી. હાજર છે. આરોપી તરફે વકીલશ્રી હાજર છે.

- આરોપી તરફે વિ.વ.શ્રી એ જામીન અરજીમાં દર્શાવેલ કારણો મુજબની દલીલ કરતા જણાવેલ છે કે, અરજદાર/આરોપી કહેવાતો કોઇ ગુન્હો કરેલ નથી તેમજ તદ્દન નિર્દોષ છે. અરજદાર/આરોપીને પકડી લાંબા સમય સુધી જયુ. કસ્ટડીમાં રાખવામાં આવે તો તેમનુ જીવતર બગડે તેમ છે. તેમજ તેમના કુટુંબ પારાવાર હાલાકી તેમજ મુશ્કલીઓમાં આવી જાય તેમ છે. અરજદાર/ આરોપીએ સદરહું ફરીયાદ વાળા બનાવ અંગે કઇ જાણતા નથી, કે કહેવાતા બનાવમાં અરજદાર/આરોપીએ કોઇ હાથ નથી. અરજદાર/આરોપી કુટુંબ કબીલા વાળા માણસ છે. અરજદાર/ આરોપીએ સામે પ્રોહી. કલમ- ૬૫(એ), ૬૫(ઇ), ૧૧૬(બી), ૮૧, ૮૩, ૯૮(૨) મુજબનો કોઇ જ પ્રથમદર્શનીય કેસ નથી કારણ કે કહેવાતા આક્ષેપ વાળા બનાવમાં તેઓને ખોટી રીતે અટક કરવામાં આવેલ છે. વધુમાં જણાવેલ છે કે, જે આરોપીના નામ પરથી હાલના આરોપીનુ નામ ખુલેલ છે. હાલના આરોપીનુ નામ અન્ય આરોપીના નામ પરથી ખુલેલ છે તથા હાલના કામે ચાર્જ શીટ થઇ ગયેલ છે, આરોપી જ્યુડીશીયલ કસ્ટડી (સુરેન્દ્રનગર સબ જેલ)માં છે, તથા હાલના પકડાયેલ આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ થઇ ગયેલ છે, અરજદાર/આરોપીને જામીન ઉપર છુટવાનો પ્રથમ દર્શનીય મજબુત કેસ છે. અરજદાર/આરોપી જન્મથી જ ફરીયાદમાં જણાવેલ જગ્યાના રહીશ છે અને કુટુંબ કબીલા વાળા માણસ હોય, સ્થાવર-જંગમ મિલકત ધરાવનાર માણસ હોય કયાંય નાસી ભાગી જાય તેમ નથી. આરોપી નામ. કોર્ટની ટ્રાયલમાં સંપૂર્ણપણે સહકાર આપવા તથા કોર્ટ કાર્યવાહીમા મદદરૂપ થવાની ખાત્રી આપી મુદત તારીખે હાજર રહેવાની ખાત્રી આપે છે. વધુમાં નામ. કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવાની ખાત્રી આપી જામીન અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

- આ કામે પી.પી.શ્રીએ રજુઆત કરેલ છે કે, હાલના કામેના આરોપી વિરૂદ્ધ સમાજ વિરોધી ગંભીર પ્રકારના ગુન્હાનો આરોપ હોય જેથી આરોપીને જામીન મુકત કરવામાં આવશે તો ફરી વખત આવા ગુના આચરવાની પુરેપુરી શકયતા હોય જેથી જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

- બંને પક્ષે સાંભળ્યા, તેમજ કેસનું રેકર્ડ વંચાણે લીધુ, આ કામના આરોપીઓ સામે પ્રોહી. કલમ– ૬૫(એ), ૬૫(ઈ), ૧૧૬(બી), ૮૧, ૮૩, ૯૮(૨) મુજબનો ચાર્જ છે. સદરહું કામે કિંમત રૂા.**૧,૨૫,૯૯૦૦૦**/– નો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો મુદ્દામાલ પકડાયેલ હોય, આ કામના આરોપી સામે આક્ષેપિત ગુનો ગંભીર પ્રકારનો છે, ગુજરાત એ ડ્રાય સ્ટેટ છે, આક્ષેપિત ગુનાની વિગતોએ જે રીતે આરોપી પ્રોહીબીશનના ગુના સાથે સંકળાયેલ છે અને ખાસ કરીને નવા અમલમાં આવેલ સુધારા અનુસાર સજાની જોગવાઈ વધારવામાં આવેલ છે ત્યારે આ પ્રકારના પ્રોહીબીશનના ગુનાને ગંભીરતા પૂર્વક લેવાનો રહે છે. વધુમાં હાલના આરોપી ગુનામાં સંડોવાયેલ છે કે કેમ? તે પુરાવાનો વિષય છે. હાલના ગુનાની સજાની જોગવાઈ દશ વર્ષને અને પાંચ લાખ સુધીનો દંડ હોય, ગુનાની ગંભીરતા, સજાની જોગવાઈ વગેરે ધ્યાને લેતાં Ararif Mohammadsharif Pipadwala Vs State Of Gujarat 2018 0 Supreme Guj 906 માં પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતાં ગંભીર પ્રકારના આક્ષેપ હોય ત્યારે જાહેર સમાજ વિરોધી આ પ્રકારના ગંભીર પ્રકારના કિસ્સામાં બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૦ મુજબની વિવેકાધીન સત્તા વાપરવાનો કેસ જણાતો ન હોય, જેથી હાલની જામીન અરજી નામંજુર કરવી જોઈએ તેમ હું માનુ છુ અને ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

આ કામનાં આરોપી આરોપીઓ : **(૧) ઘેવરચંદ કાનારામ જાંગુ,** રહે. જોટરા, તા. ચિતલવાના, જિ. જાલોર, રાજ્ય – રાજસ્થાન. વાળાની જામીન અરજી આથી નામંજુર કરવામાં આવે છે. આરોપી જેલમાં હોય જેલ ઓથોરીટીને સદરહું હુકમ Email કરવો.

આ હુકમ આજરોજ તારીખ ૦૮ મી, માહે જુન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : વઢવાણ
તારીખ : ૦૮/૦૬/૨૦૨૬

(જે. ડી. પટેલ)
જયુડી.મેજી.ફ.ક.,વઢવાણ
કોડ નં. જીજે ૦૧૬૧૩